

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે સમગ્ર ભારતમાં ૩૫૦૦થી વધારે સેમિનાર કરનારા અને દોઢ લાખથી વધુ જનસમૂહને કાર્યક્રમનો લાભ આપી ચૂકેલા ભારતના નવયુવાન સ્પીકર અને અસરકારક વક્તા મૌલિન પંડ્યાએ સેવા આપી હતી.

પોતાના સુંદર વક્તવ્યની સાથે સાથે ચાર્ટ અને વિડીયો દ્વારા વિદ્યાર્થીઓને તેમણે પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનો લાભ ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લીધો હતો.

કાર્યક્રમનું આયોજન યતીનભાઈ દ્વારા અને સંચાલન સંજય ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય વિનોદભાઈએ સ્મૃતિચિહ્ન આપીને વક્તાનું સ્વાગત-સન્માન કર્યું હતું.


# સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાનું સ્નેહમિલન






સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા નૂતન વર્ષના પ્રારંભે તેજસ્વી વિદ્યાર્થી સન્માન અને સ્નેહમિલનના અનોખા સંગમ સમાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વેસ્ટર્ન એગ્રી સીડ્સ લિ. ફાર્મ, રાંધેજા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો, એક્ઝિબિશન કમ ડિસ્પ્લે સ્ટોલ, ફૂડ સ્ટોલ, ચિત્ર હરિફાઈ, રંગોળી હરિફાળી, વિવિધ ક્ષેત્રે કૌશલ્ય પ્રાપ્ત કરનાર પ્રતિભાનું સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કુદરતનાં સાંનિધ્યમાં જુની રમતોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા કલાકાર રાજભા ગઢવીનું સન્માન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી




મિહિરભોજસિંહજી કુલદીપસિંહજી દેવડા



રતનસિંહ મનુભા વાઘેલા
મો. ૯૮૯૮૮ ૨૧૭૪૬



શિલ્પાબેન શાહ
લાયોનેસ ક્લબ



હાર્દ બ્રહ્મભટ્ટ
૯૯૨૫૦૨૦૩૯૧



ધ્યેય વિશાલ બ્રહ્મભટ્ટ

# મહિલા ઔદ્યોગિક તાલીમ કેન્દ્રમાં નાગરિક સંરક્ષણની તાલીમ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૦

નાગરિક સંરક્ષણ કચેરી, ગાંધીનગર યુનિટ તરફથી મહિલા ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર ખાતે નાગરિક સંરક્ષણની બેઝિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થિનીઓને રેસ્ક્યુ, ફાયર ફાઈટિંગ, પ્રાથમિક સારવાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને યુદ્ધ સમયે નાગરિકોનું સંરક્ષણ કરવા માટેની બેઝીક તાલીમ આપવામાં આવી હતી. તાલીમ કાર્યક્રમનું આયોજન આયોજન કચેરીના ઉપાડ અધિકારી અને પોલીસ ઈન્સ્પેક્ટર દિગ્વિજયસિંહ એન ઝાલા, મહિલા આઈટીઆઈના આચાર્ય હિમાંશુ ચૌધરી દ્વારા, સંચાલન સિવિલ ડિફેન્સનાં વોર્ડન અંજના સી નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓને તાલીમ ઈન્સ્ટ્રક્ટર ઉત્કર્ષ આર ગુપ્તા દ્વારા આપવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થિનીઓને સિવિલ ડિફેન્સમાં સ્વયંસેવક તરીકે જોડાઈને રાષ્ટ્રીય કામગીરીમાં સામેલ થવાની અપીલ પણ કરવામાં આવી હતી.

# બાલ વિજ્ઞાન સ્પર્ધામાં એમ બી પટેલ સ્કૂલ ઝળકી




ગાંધીનગર, તા. ૨૦

નૅશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ પ્રેરિત અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર આયોજિત જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સૅન્ટર ખાતે કરવામાં આવ્યું હતું.

શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ-૭ડીની વિદ્યાર્થિનીઓએ શિલ્પાબેન ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ સંશોધન પ્રૉજેક્ટ 'સ્વચ્છતા અભિયાન પછી લોકોમાં આવેલી જાગૃતિ' આ સ્પર્ધામાં રજૂ કર્યો હતો, જેની રજૂઆત ટીમ લીડર એશા મકવાણા અને સહાયક ગ્રીષ્મા પંચાલ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રૉજેક્ટની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી છે. આચાર્ય નીરૂબેન પટેલે સમગ્ર શાળા પરિવાર વતી પ્રૉજેક્ટમાં ભાગ લેનારી તમામ વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

# ગાંધીજી એ વ્યક્તિ નહીં પણ એક વિચાર હતા : મુખ્યમંત્રી





ગાંધીનગર, તા. ૨૦

ગાંધી સંકલ્પ યાત્રાના સમાપન અવસરે મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું કે, ગાંધીજી એ વ્યક્તિ નહીં પણ એક વિચાર હતા સાથે એક વિદ્યાપીઠ પણ રહ્યા હતા. ગાંધીજીએ જે વિચારો પ્રસ્તુત કર્યા છે તે આજે સમગ્ર દુનિયામાં અનિર્વાય બની ગયા છે. ગાંધીજીના વિચારો છેવાડાના માનવી માટે ઉપયોગી રહ્યા છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહના સંસદીય શ્રેત્રમાં આયોજિત ગાંધી સંકલ્પ યાત્રાનું મંગળવારે ગાંધી આશ્રમ ખાતે સમાપન થયું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને યાદ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, ગાંધીજી માટે દેશ સર્વોપરી હતો અને એટલા માટે ગાંધીજીએ તેમના સમગ્ર જીવન દરમિયાન દેશના તમામ વર્ગોને ધ્યાનમાં રાખીને દેશના જન-જનને જાગૃત કરવાનું કામ કર્યું હતું. ગાંધીજીએ સર્વ ધર્મ સમભાવની વાત કરી હતી અને તેના માટે તેઓ સમગ્ર જીવન દરમિયાન સમર્પિત પણ રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રિય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમર, ભાજપના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, પ્રભારી મંત્રી આર.સી.ફળદુ, રાજ્યના ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજા, સાંસદ, ધારાસભ્યો, અમદાવાદ મહાનગરપાલિકાનાં મેયર બિજલબેન પટેલ તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી વરદાયિની હાઈસ્કૂલમાં ઓડીસી નૃત્યનો કાર્યક્રમ



શ્રી વરદાયિની હાઈસ્કૂલ, રૂપાલ ખાતે ઓડીસી નૃત્યમાં રાષ્ટ્રીય કક્ષાએ ઝળકેલાં કલાકાર સરિતા મિશ્રા દ્વારા નૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. તેમણે બાળકોને આ વિષયે માર્ગદર્શન પણ આપ્યું હતું. રૂપાલ કેળવણી મંડળના સહમંત્રી કનુભાઈ પટેલે નૃત્યાંગનાનું સ્વાગત કર્યું હતું અને આચાર્ય ડૉ. પી. આર. ચૌધરીએ આભારની લાગણી પ્રગટ કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન જયદેવસિંહ ઝાલાએ કર્યું હતું.

## દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે
# ઈન્ટર ડી.પી.એસ. વેસ્ટ ઝોન ટેનિસ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના યજમાનપદ હેઠળ તા.૨૨,૨૩ નવેમ્બર ઈન્ટર ડી.પી.એસ. ટેનિસ સ્પર્ધા યોજવામાં આવશે, જેમાં વેસ્ટ ઝોનની કુલ ૧૮ ટીમના આશરે ૪૦ જેટલા રમતવીરો ભાગ લેશે. આ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સત્રમાં રમેશ ચૌધરી (Dy.SP, ગુજરાત પોલીસ) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવાના છે, જેઓ રાષ્ટ્રીય પર્વતારોહક છે અને ૪.૦૩ મિનિટમાં ૧૫૦૦ મીટર રનીંગ પૂરી કરવાનો રેકોર્ડ ધરાવે છે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે વૈદિક મુનશો અને ટેનિસ પ્લેયર વૈદેહી ચૌધરી ઉપસ્થિત રહેશે.




રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે ૧૪થી ૨૦ નવેમ્બર દરમિયાન રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી તથા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના ભાગરૂપે ગાંધી સાહિત્ય પ્રદર્શન, રંગોળી સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તમામ સ્પર્ધાઓ માટે નિર્ણાયક તરીકે જ્યોતિબેન મેઘનાણી, કુશાલીબેન રાજપૂત અને હિનાબેન પંડ્યાએ પોતાની સેવાઓ આપી હતી. ગ્રંથપાલ પંકજ કે ગોસ્વામીએ સૌને ગ્રંથાલયનો ઉપયોગ નિયમિતપણે કરવા અપીલ કરી હતી. આ પ્રસંગને સફળ બનાવવા ગ્રંથાલય કર્મચારી ગણ ચંપાબેન, શશીબેન, લવજીભાઈ, ભાનુભાઈ પરમારે સક્રિય સહાય પૂરી પાડી હતી.

# વિશ્વવાર્તાની ફૂલછાબ જેવો વિશિષ્ટ વાર્તાસંચય

પુસ્તક પરિચય
નટવર હેડાઉ
vanvihari@gmail.com



સાહિત્યમાં આપણે ક્યાં છીએ તે જાણવું હોય તો આપણું પ્રાદેશિક સાહિત્ય ફક્ત વાંચવા કે તેનો અભ્યાસ કરવાથી ક્યાસ કાઢી શકાય નહીં. સાહિત્યના અભ્યાસુએ વિશ્વ સાહિત્યમાં પણ ડોકિયું કરવું જ જોઈએ. આવા સાહિત્યનો અભ્યાસ કરવામાં ભાષાનું માધ્યમ કદાચ આડે આવે એવું બને પરંતુ આપણે ત્યાં એવાં વિદ્વાનો છે જેમણે સુંદર અનુવાદો દ્વારા આપણા માટે તે સુલભ બનાવી આપ્યું છે. તે દ્વારા આપણે વિશ્વ સાહિત્યના પ્રવાહની મુખોમુખ થઈ શકીએ છીએ. ૧૯૦૨થી શરૂ થયેલ નોબેલ પુરસ્કાર ૮૦ જેટલા વિશ્વપ્રસિદ્ધ સાહિત્યકારોને મળ્યો છે. આવા જ નોબેલ પારિતોષિક દ્વારા સન્માનિત સર્જકોની વિશિષ્ટ વાર્તાઓનો સંજય પ્રગટ થયો છે, તેના વિશે જાણીએ.




'આગન્તુક'નું સંપાદન જાણીતા સાહિત્યકાર, વિવેચક પ્રા. સતીશ ડણાક દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં કુલ ૧૪ વાર્તાઓને સમાવવામાં આવી છે. આ પુસ્તક યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સ્થાન પામેલ હોઈ સાહિત્યના અભ્યાસુઓ માટે તે વિશેષ ધ્યાનપાત્ર અને વિશ્વ સાહિત્યની બારી ખોલી આપનાર વિશિષ્ટ પ્રકાશન કહી શકાય તેવું છે.

અહીં ગ્રંથસ્થ થયેલ વાર્તાઓ સર્જકની વિશિષ્ટ વાર્તાઓ છે. જીવનના કોઈ ને કોઈ અંશનું નિરૂપણ કરતી આ વાર્તાઓ આપણને અંદરથી સ્પર્શી આપણો ચેતોવિસ્તાર કરવાને સક્ષમ છે. મૂળના સૌંદર્યને એ પ્રવાહને અકબંધ અવતારી આપણી ભૂમિ સુધી લઈ આવવાનું કાર્ય અહીં સુપેરે પાર પડ્યું છે. એ જ આ ક્ષણે નોંધપાત્ર છે આ છાબમાંનાં ફૂલનાં રૂપ-રંગ-સુવાસનો આપણને અહીં પરિચય મળે છે.

'કાબુલીવાલા' ટાગોરની શ્રેષ્ઠ વાર્તાનો બિપીન આશરે અનુવાદ કર્યો છે. સ્નેહ સંબંધની સર્જકના મુખે કહેવાતી આ કથા માનવ હૃદયમાં જન્મતાં સૂક્ષ્મ-નાજુક સંવેદનોને સુપેરે મૂર્ત કરે છે. આખીય કથામાં કાબુલીવાલાનું પાત્ર કેન્દ્રસ્થાને છે.

મૂક પ્રેમ, સહાનુભૂતિ અને વિશ્વાસની આસપાસ રમતી 'માદામ કી બુઝી' આનાતોલ ફ્રાન્સ (અનુ. હસુ યાજ્ઞિક)ની વાર્તાકળાનો પરિચય આપવા પૂરતી છે. તો અતૃપ્ત વાસનાનું ક્રમિક આલેખન કરતી થોમસ માન કૃત 'બીટલ હૅપ ફાઈડરમાન' (અનુ. સતીશ ડણાક) આ સંગ્રહની એક સમૃદ્ધ વાર્તા છે. અનુવાદની ભાષા પારદર્શક અને શાંત, સૌમ્ય-તેજને વેરતી માનવમનનાં ઊંડાણોમાં પ્રસરી પ્રત્યેક અંશને પ્રગટ કરવામાં, એનું દર્શન કરાવવામાં સફળ રહી છે.

'શ્રી બિન્નેની બપોર' (લેખક, અનુ. રવીન્દ્ર ઠાકોર) બિન્ને અને મેરીના કરૂણ દાંપત્યની કથા છે. વિલિયમ ફોકનરની 'એમનીનું ગુલાબ' (અનુ. હસુ યાજ્ઞિક) એક સ્વચ્છ, સાદ્યંત, સુંદર વાર્તા છે. જે વસ્તુ, પાત્ર અને અભિવ્યક્તિના બળે ઊંચાઈનાં શિખરો સર કરે છે. અર્નેસ્ટ હેમિંગ્વેની 'કૅટ ઈન ધ રેઈન' વરસાદમાં એક બિલાડી નામે ડૉ. પ્રવીણ દરજીએ કરેલો અનુવાદ મનને સ્પર્શે તેવો છે. 'ઈસ્ટર શોભાયાત્રા' (અનુ. મોહન દાંડીકર) ઈસ્ટરની શોભાયાત્રામાં આવેલાં પરિવર્તનોને નોંધતી આ કથા જૂની-નવી પેઢી વચ્ચેના અંતરને નિરૂપવામાં સફળ રહી છે. હૅન્રી બ્યોરની 'પુલ ઉપર' (અનુ. વિજય શાસ્ત્રી) કટાક્ષ કથાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. એલીસ મનરોની વાર્તા 'પથરાળ જિંદગી' (અનુ. કિશોર પંડ્યા) જેમાં નાયક-નાયિકા જેવું કંઈ જ નથી. નાની નાની ઘટનાઓ દ્વારા વાર્તાનો પિંડ રચાતો જાય છે. અંતે વાર્તા કરૂણમાં પર્યવસાન પામે છે.

આધુનિક પ્રવાહોની વચ્ચે વિકસેલા કોલંબિયાના વાર્તાકાર અને નવલકથાકાર ગ્રેબિયલ ગાર્સિયા મેરેકઝની વાર્તા 'વિશાળ પાંખોવાળો અતિ વૃદ્ધ' ફેન્ટસીનો આશ્રય લઈને લખાયેલી વાર્તા છે. અહીં પ્રત્યેક વાર્તા સાથતે તેના સર્જકનો પરિચય પણ આપવામાં આવ્યો છે. અહીં ગ્રંથસ્થ થયેલી વાર્તાઓ વિષયવસ્તુ, પાત્રાલેખન અને ટૅકનીકની દૃષ્ટિએ અલગ-અલગ છે. જુની-નવી વાર્તાના વ્યાવર્તક લક્ષણોનો સમન્વય છે. પ્રત્યેકનું કલામુખ્ય જે તે દેશકાળના સંદર્ભે આગવું છે. છતાં બધાના કેન્દ્રમાં માનવ છે. વાર્તાનું આખું વિશ્વ અહીં ઝળહળે છે એ સંપાદનની મહત્તા છે. જે ભાવિ પેઢીનું ભાથું બની રહેશે. એની ચેતનામાં નવાં બળ પૂરશે અને વાર્તાનો દીપ વધુ અજવાળું ફેલાવશે તેવી અભ્યર્થના સાથે પુસ્તકને આવકારું છું અને સંપાદકને અભિનંદું છું.

આગન્તુક
('નોબેલ પારિતોષિકથી સન્માનિત સર્જકોની વિશિષ્ટ વાર્તાઓનો સંચય')
સંપાદક : સતીશ ડણાક
પ્રકાશખ : શબ્દલોક પ્રકાશન, અમદાવાદ
આવૃત્તિ : ૨૦૧૯, કિંમત : રૂા. ૨૦૦/-